eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 129
February 8, 2008

## સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજીત આઠમો રાષ્ટ્રીય પુસ્તક મેળો " વિદ્યા ૨૦૦૮ ", છઠ્ઠો રાષ્ટ્રીય બાગાયત મેળો અને હર્બલ–પુષ્પ પ્રદર્શન મેળો " સુમન ૨૦૦૮ " અને પાંચમો શિલ્પગ્રામ મેળો " શિલ્પ ૨૦૦૮ "નું ઉદ્‌ઘાટન



સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજીત આઠમો રાષ્ટ્રીય પુસ્તક મેળો " વિદ્યા ૨૦૦૮ ", છઠ્ઠો રાષ્ટ્રીય બાગાયત મેળો અને હર્બલ–પુષ્પ પ્રદર્શન મેળો " સુમન ૨૦૦૮ " અને પાંચમો શિલ્પગ્રામ મેળો " શિલ્પ ૨૦૦૮ "નું ઉદ્‌ઘાટન પંચાયત ગ્રામ ગૃહનિર્માણ, ગ્રમ વિકાસ, અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબત, ગુજરાત રાજય ના માનનીય મંત્રી **શ્રી નરોત્તમભાઈ પટેલ** ના વરદહસ્તે સંપન્ન થયેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટઝોન (લિંબાયત)ની કામગીરી

અત્રેના સાઉથ ઈસ્ટઝોન (લિંબાયત)માં ડ્રા.ટી.પી.સ્કીમ નં.૩૯(ઉધના–લિંબાયત)નાં રીઝર્વેશન પ્લોટ આર–(વોર્ડ ઓફિસ) માં ગેરકાયદેસર રીતે ઈંટોની દિવાલોનું બાંધકામ કરીને સિમેન્ટના પતરાં નાખી શેડ બનાવવાનું કામ શરૂ કરવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન(કતારગામ)ની આકારણી અને વસુલાત વિભાગની કામગીરી

૨૦૦૭–૦૮ના નાણાંકીય વર્ષના સીધાવેરાના લક્ષ્યાંકો પુરા કરવા માટે શ્રી સી.જે.ગામીત,ડે.કમિશ્નરશ્રી(પ.અને ઈ)ની સુચના તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી ખાટીવાળાના માર્ગદર્શન હેઠળ આજ રોજ કતારગામમાં મિલ્કતોને સીલ મારવાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## લિંબાયત ઝોન ધ્વારા વેરા વસુલાતના ઝુંબેશ યુધ્ધના ધોરણે નવ ટીમો બનાવી માર્કેટ વિસ્તારમાં અગિયાર દુકાનો સીલ સ્થળ પર રૂા.૫,૬૮,૦૦૦ વસુલાત

લિંબાયતઝોન ધ્વારા વેરા વસુલાતની ઝુંબેશ યુધ્ધના ધોરણે સુરતમહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટઝોનના આકારણી અને વસુલાત વિભાગ તરફથી સીધાવેરા વસુલાતની કામગીરી ઝુંબેશના ધોરણે ચાલી રહી છે. લિંબાયતઝોન ધ્વારા "ડોર ટુ ડોર" વસુલાત અભિયાન શરૂ કરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## આઠમો રાષ્ટ્રીય પુસ્તક મેળો " વિદ્યા ૨૦૦૮ " છઠ્ઠો પુષ્પ પ્રદર્શન મેળો " સુમન ૨૦૦૮ " અને પાંચમો શિલ્પગ્રામ મેળો "શિલ્પ ૨૦૦૮" માં યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમો

સુરત મહાનગપાલિકા ધ્વારા તા.૦૩–૦૨–૦૮ થી તા.૧૦–૦૨–૦૮ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે આઠમો રાષ્ટ્રીય પુસ્તક મેળો " વિદ્યા ૨૦૦૮ " છઠ્ઠો પુષ્પ પ્રદર્શન મેળો " સુમન ૨૦૦૮ " અને પાંચમો શિલ્પગ્રામ મેળો "શિલ્પ ૨૦૦૮" નુંઆયોજન કરવામાં આવેલ છે.



વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજીત આઠમો રાષ્ટ્રીય પુસ્તક મેળો " વિદ્યા ૨૦૦૮ ", છઠ્ઠો રાષ્ટ્રીય બાગાયત મેળો અને હર્બલ–પુષ્પ પ્રદર્શન મેળો " સુમન ૨૦૦૮ " અને પાંચમો શિલ્પગ્રામ મેળો " શિલ્પ ૨૦૦૮ "નું ઉદ્‌ઘાટન



સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજીત આઠમો રાષ્ટ્રીય પુસ્તક મેળો " વિદ્યા ૨૦૦૮ ", છઠ્ઠો રાષ્ટ્રીય બાગાયત મેળો અને હર્બલ–પુષ્પ પ્રદર્શન મેળો " સુમન ૨૦૦૮ " અને પાંચમો શિલ્પગ્રામ મેળો " શિલ્પ ૨૦૦૮ "નું ઉદ્‌ઘાટન પંચાયત ગ્રામ ગૃહનિર્માણ, ગ્રામ વિકાસ, અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબત, ગુજરાત રાજય ના માનનીય મંત્રી **શ્રી નરોત્તમભાઈ પટેલ** ના વરદહસ્તે સંપન્ન થયેલ.

કાર્યક્રમની શરુઆત પ્રાર્થના (ગણેશસ્તૃતિ)ધ્વારા કરવામાં આવી હતી.

સ્વાગત પ્રવચન કરતાં કમિશનરશ્રી એસ. અપર્ણાએ જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકા ધ્વારા પ્રથમ રાષ્ટ્રીય પુસ્તક મેળાનું આયોજન મે–૨૦૦૦માં કરવામાં આવ્યું હતું. સદર મેળાના સફળ આયોજન બાદ શહેરીજનોની લાગણી તેમજ ઉત્સાહને ધ્યાને લઈ નગરજનોને, વિદ્યાર્થીઓને, શૈક્ષણિક સંસ્થાઓને વધુમાં વધુ માહિતી શૈક્ષણિક ક્ષેત્રમાં મળી રહે તે હેતુથી પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે વિવિધ સાઈઝના કુલ ૨૫૬ નાના–મોટા સ્ટોલોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બુક, સ્ટેશનરી, શૈક્ષણિક તેમજ આધ્યાત્મિક સંસ્થાઓના વિભાગનો સમાવેશ કરવામાં આવેલ છે. આ પુસ્તક મેળામાં મુંબઈ, દિલ્હી, નાસિક, અમદાવાદ, વડોદરા, સુરત વિગેરે પુસ્તક વિક્રેતાઓએ ભાગ લીધેલ છે. પુસ્તક મેળાની સાથે શિલ્પમેળાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિવિધ સાઈઝના ૨૦ સ્ટોલો રાખવામાં આવેલ છે.

તદ્‌ઉપરાંત તા. ૦૩ થી ૧૦ ફેબ્રુઆરી દરમ્યાન યોજાનાર આ મેળામાં વિવિધ પ્રકારની સ્પર્ધાઓ પોટ પેઈન્ટીંગ, દેશભકિત, ચિત્રકામ, જનરલ નોલેજ કવીઝ સ્પર્ધા, હાસ્ય કવિ સંમેલન વિગેરે સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવેલ છે. આયુર્વેદીક ક્ષેત્રમાં નગરજનોને ઔષધીઓની માહિતી મળી રહે તે હેતુથી હર્બલ વિભાગના ૨૦ જેટલા સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે બાગાયત મેળામાં ૨૪ જેટલા નર્સરીના સ્ટોલો તેમજ ૨૦ જેટલા સ્ટોલો ખાતર, દવા, બિયારણ અને ઉદ્યોગોને લગતા ઉપયોગી સાધનોના રાખવામાં આવેલ છે. બાગાયત મેળામાં પુને, કલકતા, બારડોલી, સુરત, ગણદેવી, મહુવા, ચિખલી, ગાંધીનગર જેવા શહેરોમાંથી નર્સરીમેનોએ ભાગ લીધેલ છે. આ વર્ષે પણ ફલાવર શોનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં વિવિધ પ્રકારની કુલ ૧૪ ફુલછોડ સ્પર્ધાઓ રાખવામાં આવી છે. જેમાં તાજા–સુકા ફુલોની ગોઠવણી, કટ સીઝનલ ફલાવર્સ, સલાડ ડેકોરેશન, ફુલોના હાર, ગજરા, વેણી, બોન્સાઈન, સુશોભીત ફુલછોડના કુંડા અને કેકટસ વિગેરે રાખવામાં આવેલ છે. આ પુસ્તક મેળા દરમ્યાન સાંસ્કૃતિક વિભાગ ધ્વારા તથા ગાર્ડન વિભાગ ધ્વારા સાંસ્કૃતિક તેમજ બાગાયતને લગતી વિવિધ સ્પર્ધાઓમાં લગભગ ૨૧૦૦ હરીફો વ્યકિતગત/સંસ્થાકીય રીતે ભાગ લેશે. આ પુસ્તકમેળામાં પુસ્તકો, શિલ્પ, બાગાયત, હર્બલ અને નર્સરી વિભાગ મળીને કુલ્લે ૨૫૬ સ્ટોલો રાખવામાં આવ્યા છે. સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજન કરવામાં આવેલ પુસ્તક મેળાનો સુરત શહેરના સાહિત્ય રસિક અને પર્યાવરણ, કલાપ્રેમી પ્રજાજનો વધુમાં વધુ લાભ લેશે. એવી આશા સાથે વિરમું છું.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોનું શાલ અને ખેસથી સન્માન કરવામાં આવ્યું હતું.

ઉદઘાટકશ્રી, પંચાયત ગ્રામ ગૃહનિર્માણ, ગ્રામ વિકાસ, અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબત, ગુજરાત રાજય ના માનનીય મંત્રી શ્રી નરોત્તમભાઈ પટેલે જણાવ્યું હતું પુસ્તક મેળાનું આયોજન અદભૂત છે. વીર નર્મદ પરથી પ્રેરણા લઈ સુરત મહાનગરપાલિકા ધ્વારા નર્મદ લાયબ્રેરીનું નિર્માણ કરવામાં આવેલ છે. વિકસતા વિસ્તારમાં નવીન પુસ્તકાલય બનાવવા વિચારણા કરવા તેમણે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું

કે સાહિત્યની તાકાત તલાવારની તાકાત કરતાં પણ વધુ છે. પુસ્તકાલયો વ્યકિત તેમજ સમાજ માટે પ્રેરણાદાયક બની રહેશે. કેળવણી તેમજ સાહિત્યીક બાબતમાં સુરત મહાનગરપાલિકાની કામગીરી આવકારદાયક છે. આવા પુસ્તકમેળામાં દેશના તમામ લોકો ભાગ લે તે જરુરી છે. પુસ્તકમેળાની પ્રસિધ્ધ વ્યવસ્થિત અને હાઈટેક રીતે થાય તે ખુબજ જરુરી છે.




આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત પ્રસિધ્ધ વાર્તાકાર ડો. શરદ ઠાકરે પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે સુરત શહેર ઉદ્યોગીક જ નહી પરંતુ સાહિત્યીક નગરી પણ છે. સુરતના સાહિત્યકારો જેવા કે જયોતિન્દ્ર દવે, ભગવતીકુમાર શર્મા, ડો. મુકુલ ચોકસી સાથેના સ્મરણો યાદ કરી સુરતને તેમના નગર તરીકેની ઓળખની ઉપમા આપી હતી. વર્તમાન સમયમાં લોકોની રુચી બદલાય ગયેલ છે. મીરાબાઈની જગ્યાએ માયકલ જેકશન તરફ સામાન્ય લોકો ની રુચી રહેલી છે. ત્યારે સુરત મહાનગરપાલિકાનો આ ત્રિવેણી સંગમ તરીકે  પુસ્તકમેળાને યાદગાર સાંસ્કૃતિક ઘટના તરીકે ઓળખાવી હતી. વર્તમાન પેઢીમાં સમર્થ સાહિત્યકારોનું વાંચન વધે તે તાકીદની જરુરીયાત છે. પુસ્તકોના વાંચન પરથીજ વ્યકિતના વ્યકિતત્વનો તથા તેની કક્ષા તથા ચારિત્રનો ખ્યાલ આવે છે. કુદરતી નિયમ છે કે જે પરિવર્તન પામતું નથી તેનો નાશ થાય છે. આવા પુસ્તક મેળાથીજ પુસ્તકો તથા શૈક્ષણિક વિષયો તથા સાહિત્યની માહિતી ઉપલબ્ધ બની શકે છે. સર્વ માહિતી મળી શકે તે માટેનું પ્લેટફોર્મ આવા પુસ્તક મેળા છે. દરેક સાહિત્ય રસિક પ્રજાજનો  આ મેળાને માણે તે ખુબજ જરુરી છે.

અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત ગુજરાત રાજયના ગ્રંથાલય નિયામક શ્રી ડો. એ.એફ.શેખે પોતાના સંભાષણમાં જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળમાં પુસ્તકનું વેચાણ ખુબજ સારું છે. સમગ્ર ગુજરાતમાં સૌથી સફળ રીતે પુસ્તક મેળાનું આયોજન સુરત મહાનગપાલિકા ધ્વારા થાય છે.  ગુજરાતમાં  બે મધ્યસ્થ ગ્રંથાલય તથા અમદાવાદમાં અદ્યતન પુસ્તકો સાથે કોમ્પ્યુટરાઈઝ ગ્રંથાલય કાર્યરત છે.  સુરતમાં  વિકસતા વિસ્તારોમાં લાયબ્રેરી/નોલેજ સેન્ટર ઉભું થાય તે માટે પોતાના સહકારની ખાતરી આપી હતી.

પ્રમુખ સ્થાનેથી પ્રવચન કરતાં મા. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણીએ જણાવ્યું હતું કે સુરત શહેરને ફકત ઉદ્યોગિક હબ નહી પરંતુ સાહિત્ય ક્ષેત્રે પણ હબ બનાવવા સુરત મહાનગરપાલિકા કાર્યશીલ છે. આ મેળાથી લોકોને સાહિત્ય, શિક્ષણ, શિલ્પ અને હર્બલ ઔષધીનું પણ જ્ઞાન મળી રહે તેવા પ્રયત્ન છે. જેથી લોક વ્યવહારમાં સંસ્કાર આવે જે સામાજીક જીવન માટે ખુબજ જરુરી છે. વ્યકિતના વિકાસ માટે પુસ્તકોનું આગવું સ્થાન છે. સમગ્ર જીવન દરમ્યાન વિદ્યાર્થી જીવન જીવવું જરુરી છે. જેથી જ્ઞાનમાં વધારો શકય બને.

શાસકપક્ષના નેતાશ્રી જગદીશભાઈ પટેલે જણાવ્યું હતું કે વિકાસના કામો સાથે સાહિત્ય સંવેદનાના ક્ષેત્રે પણ સુરત મહાનગરપાલિકાની કામગીરી પ્રસંશનીય રહી છે. સુરત શહેરે પ્રાચીન તેમજ અર્વાચીન સાહિત્ય ક્ષેત્રમાં માઈલસ્ટોન રચ્યા છે. આવા પુસ્તક મેળા થકી શહેરના પ્રજાજનોમાં સાહિત્ય તેમજ શિક્ષણમાં રસ ઉભો થાય તે માટે સુરત મહાનગરપાલિકા છેલ્લા આઠ વર્ષથી પુસ્તકમેળાનું વિશિષ્ટ આયોજન કરે છે.

આભારવિધિ મા. ડે.મેયર શ્રીમતિ કૌશિકાબેન પી. દેસાઈએ સંપન્ન કરી હતી.

આ પ્રસંગે મંચસ્થ મહાનુભાવો ઉપરાંત વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, અધિકારીગણ, કર્મચારીગણ તેમજ જાહેર જનતા ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

TOP

## સાઉથ ઈસ્ટઝોન (લિંબાયત)ની કામગીરી

અત્રેના સાઉથ ઈસ્ટઝોન (લિંબાયત)માં ડ્રા.ટી.પી.સ્કીમ નં.૩૯(ઉધના–લિંબાયત)નાં રીઝર્વેશન પ્લોટ આર–(વોર્ડ ઓફિસ) માં ગેરકાયદેસર રીતે ઈંટોની દિવાલોનું બાંધકામ કરીને સિમેન્ટના પતરાં નાખી શેડ બનાવવાનું કામ શરૂ કરવામાં આવેલ. આજે તા.૩૦–૧–૦૮માં રોજ ઉકત રીઝર્વેશનમાં કરવામાં આવેલ આશરે ૯૦૦ ચો.ફુટની જગ્યામાં ડિમોલીશનની કાર્યવાહી હાથ ધરીને ઈંટોની દિવાલો અને પતરાનો શેડ દૂર કરીને જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી તથા સિમેન્ટના પતરા અને લોખંડના બારી દરવાજા વિગેરે સામાન જપ્ત લેવામાં અવેલ છે.

TOP

## નોર્થઝોન(કતારગામ)ની આકારણી અને વસુલાત વિભાગની કામગીરી

૨૦૦૭–૦૮ના નાણાંકીય વર્ષના સીધાવેરાના લક્ષ્યાંકો પુરા કરવા માટે શ્રી સી.જે.ગામીત,ડે.કમિશ્નરશ્રી(પ.અને ઈ)ની સુચના તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી ખાટીવાળાના માર્ગદર્શન હેઠળ આજ રોજ કતારગામમાં મિલ્કતોને સીલ મારવાની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે. તેના અનુસંધાનમાં તા.૦૧–૦૨/૨૦૦૮ના રોજ કતારગામ ફુલપાડા વિસ્તારમાં આવેલ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી, નિર્માણ ઈન્ડસ્ટ્રીયલ, ક્રિષ્ણા ઈન્ડસ્ટ્રીયલ, બબરીક ઈન્ડસ્ટ્રીયલ, જુની/નવી જી.આઈ.ડી.સી.માં તેમજ ઘોડીયાપીર ટેકરો, બારડોલીયા કમ્પાઉન્ડ,ધનકુબેર ઈન્ડસ્ટ્રીયલ, ફટાકડાવાડી તથા કતારગામ ડેરીફળિયાના રહેઠાણવાળા વિસ્તારમાં સુરત મહાનગરપાલિકાના મિલ્કતવેરાના બાકી નીકળતા કરદાતાઓ પાસેથી આકારણી અને વસુલાત અધિકારીશ્રી દીપક શુકલની રાહબારી હેઠળ મિલ્કત જપ્તી તથા મિલ્કત સીલ કરવાની કાર્યવાહી કરી સ્થળ ઉપર રૂા. ૧,૦૦,૦૦૦/–રોકડા તથા રૂા. ૫,૮૫,૦૦૦/–ના ચેકો લઈ મિલ્કત વેરો વસુલવામાં આવેલ છે.

કતારગામ ઝોન ધ્વારા હવે પછી સતત હાથ ધરવામાં આવનાર ઝુંબશમાં નળ કનેકશન અને ડ્રેનેજ કનેકશન કાપવાની તેમજ જાહેર હરાજી કરી મ્યુ.ટેક્ષ વસુલ કરવા માટે કડક કામગીરી હાથ ધરવાની હોવાથી તાકીદે મ્યુ.ટેક્ષ ભરપાઈ કરવા કરદાતાઓને જાણ કરવામાં આવે છે. અને કરદાતાઓની સગવડ સાચવવા રજાના દિવસોમાં પણ સવારે ૯–૩૦ થી બપોરે ૩–૦૦ સુધી નોર્થઝોન કચેરી અને નાગરિક સુવિધા કેન્દ્ર ઉપર વસુલાત ચાલુ રાખવામાં આવેલ છે.

TOP

## લિંબાયત ઝોન ધ્વારા વેરા વસુલાતના ઝુંબેશ યુધ્ધના ધોરણે નવ ટીમો બનાવી માર્કેટ વિસ્તારમાં અગિયાર દુકાનો સીલ સ્થળ પર રૂા.૫,૬૮,૦૦૦ વસુલાત

લિંબાયતઝોન ધ્વારા વેરા વસુલાતની ઝુંબેશ યુધ્ધના ધોરણે સુરતમહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટઝોનના આકારણી અને વસુલાત વિભાગ તરફથી સીધાવેરા વસુલાતની કામગીરી ઝુંબેશના ધોરણે ચાલી રહી છે. લિંબાયતઝોન ધ્વારા ''ડોર ટુ ડોર'' વસુલાત અભિયાન શરૂ કરવામાં આવેલ છે. જુદાં જુદાં ઉપયોગના પ્રકાર મુજબ બાકી દારોની યાદી બનાવી મોટા બાકીદારોની મિલ્કત સીલ કરવાની કાર્યવાહી સતત ચાલુ રાખવામાં આવી છે. આકારણી ખાતાના કર્મચારીઓની વસુલાતની કામગીરી માટે નવ ટીમ બનાવી રીંગરોડ પર આવેલ વિવિધ માર્કેટોમાં વસુલાતની કામગીરી શરૂ કરતાં સાગર ટેક્ષ.માર્કેટમાં આવેલ દુકાન નં.યુ.જી.૪૩, યુ.જી.૭૦, દુકાન નં.૧૨૩,૧૭૦,૧૯૨,૨૨૫ તથા અશોક ટાવરમાં દુકાન નં.૨૨૯ અને ૨૩૦ સીટી ટેક્ષ.માર્કેટમાં દુકા નનં. ૧૦૦૬,શિવકૃપા માર્કેટ કમેલા દરવાજા રોડની દુકાન નં.૨૦૧૩ થી૨૦૧૫,ટ્રેડ સેન્ટર માર્કેટમાં આવેલ દુકાન નં.૬૦૨,૬૦૩ ઓરખ સીલ્ક મિલ્સ તથા દુકાન નં.૬૦૪ ઓસ્કે સિલ્ક મિલ્સને તાળા મારવામાં આવ્યા હતા.અનુપમ માર્કેટની દુકાન નં.૧૦૭૦ તથા દુકાન નં.૫૨૪ને પણ તાળા મારવામાં આવ્યા હતા. તે પૈકી દુકાન નં.૫૨૪ના માલિકે તાત્કાલિક વેરાનાં નાણાં ભરી સીલ ખોલાવ્યું હતું. સીલ મારવાની પ્રવૃતિ મહાનગરપાલિકાને કારણે વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો અને સ્થળ પર તાત્કાલિક રૂા.૫,૬૮,૦૦૦/–નો વેરો સ્થળ પર ભરી દીધો હતો. આમ વેરા વસુલાત ઝુંબેશમાં સફળતા મળી રહી છે.

રહેણાંક મિલ્કતદારોએ ટેક્ષ ભરપાઈ ન કરેલ હશે તો તાત્કાલિક નળ જોડાણ કાપવા માટેના હુકમ સાથે નળ કનેકશન કાપવા માટેની અલાયદી ટીમ તૈયાર રાખવામાં આવી છે. જેથી રહેણાંક મિલ્કતના કરદાતાઓને બાકી ટેક્ષ તાકીદે ભરી દેવા અનુરોધ કરવામાં આવે છે. કરદાતાઓને વેરા ભરવામાં સરળતા રહે એ હેતુસર ઝોનના તમામ સીવીક સેન્ટરો પર રજાના દિવસે પણ વેરા વસુલાત કામગીરી ચાલુ રાખવામાં આવેલ છે.જેનો લાભ લેવા વિનંતી.

TOP

## આઠમો રાષ્ટ્રીય પુસ્તક મેળો " વિધા ૨૦૦૮ " છઠ્ઠો પુષ્પ પ્રદર્શન મેળો " સુમન ૨૦૦૮ " અને પાંચમો શિલ્પગ્રામ મેળો "શિલ્પ ૨૦૦૮" માં યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમો




સુરત મહાનગપાલિકા ધ્વારા તા.૦૩–૦૨–૦૮ થી તા.૧૦–૦૨–૦૮ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે આઠમો રાષ્ટ્રીય પુસ્તક મેળો " વિધા ૨૦૦૮ " છઠ્ઠો પુષ્પ પ્રદર્શન મેળો " સુમન ૨૦૦૮ " અને પાંચમો શિલ્પગ્રામ મેળો "શિલ્પ ૨૦૦૮" નુંઆયોજન કરવામાં આવેલ છે. જેનાં સેમીનાર હોલમાં દરરોજ બપોરે ૧૨–૦૦ કલાકે અનુક્રે દેશભકિતગીત, પોટ પેઈન્ટીંગ,જનરલ નોલજ કવીઝ જેવી સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. આ સ્પર્ધાના દીપ પ્રાગટય પ્રસંગે મા.ડે.મેયરશ્રીમતી કૌશિકાબેન દેસાઈ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષતા શ્રીમતી જયોતિબેન કોઠીયા, ઉપાધ્યાયશ્રી શૈલેન્દ્રભાઈ જરીવાલા તથા મનપાના અધિકારીશ્રીઓ તથા નિર્ણાયકશ્રીઓ ઉપસ્થિત રહયા હતા. વિધાર્થીઓમાં સાહિત્ય પ્રત્યે રૂચી કેળવાય તે માટે જનરલ નોલેજ કવીઝ સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં ૬૬ વિધાર્થીઓએ ભાગ લીધો હતો. આ ઉપરાંત દરરોજ સાંજે સાત કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ, રાસ–ગરબા જેવાં સાંસ્કૃતિક કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં સ્પર્ધકો તથા જાહેર જનતાએ લાભ લીધો હતો.




આ ઉપરાંત તા.૭,૮ અને ૯ મી ફેબુઆરી–૨૦૦૮ના રોજ બપોરે ૩–૦૦ કલાકે વનસરક્ષકશ્રી અસારી અને નાયબ વનસંરક્ષક શ્રી ઝાલાનું " વૃક્ષોનું મહત્વ અને ઉપયોગીતા " બાગાયત કોલેજ નવસારીના ર્ડા.વી.કે.ધળુંક અને ર્ડા.અલકાસીંગનું " ફલાવર એરેન્જમેન્ટ અને બોન્સાઈ–એક કળા " તથા શ્રી જનક નાયકની બાળવાર્તા અને પ્રવચનનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તેમજ આગામી ૬ ફેબુઆરી થી ૧૦ મી ફેબુઆરી ૨૦૦૮ સુધી દરરોજ સાંજે ૭–૦૦ કલાકે દેશ ભકિતગીત પર આધારિત ઓરકેસ્ટ્રા, હાસ્ય કવિ સંમેલન, હાસ્ય હંગામા તથા કહાળયા ડાંગી નૃત્યના સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આ વિવિધ સ્પર્ધાઓ , પ્રવચન તથા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તેમજ જાહેર જનતા હાર્દિક નિમંત્રણ છે.


TOP